


# આહ્‌વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૯ | ઓગસ્ટ - ૨૦૨૨ | પત્ર - ૧૦૮


## પ્રભુની આભારસ્તુતિ

ગીતશાસ્ત્ર ૯૨

'યહોવાની આભારસ્તુતિ કરવી, ને હે પરાત્પર તારા નામનાં સ્તોત્ર ગાવાં તે સારું છે.' ગી.શા. ૯૨:૧

વિશ્વાસુ જીવનમાં પ્રભુની કૃપા અને સંભાળ તથા આશીર્વાદોને યાદ કરી તેમની સ્તુતિ કરવી એ સારું છે. આ આત્મિક અને આશીર્વાદિત બાબતને પ્રભુને ઓળખનાર આધ્યાત્મિક વ્યક્તિ સમજી શકે છે. સાંસારિક માણસ દેવના આત્માની વાતોનો સ્વીકાર કરતું નથી. ૧ કરિંથી ૨:૧૪. પ્રભુનો સેવક દાઉદ પોતાના જીવનમાં આશીર્વાદનો અનુભવ કરતાં કહે છે કે હે મારા આત્મા યહોવાને સ્તુત્ય માન. ગીતશાસ્ત્ર ૧૦૩:૧

વ્હાલાઓ મેથોડિસ્ટ ચર્ચ શાહપુરના ચર્ચ બિલ્ડીંગના તા. ૧૩-૮-૨૦૨૨ના રોજ ૫૦ વર્ષ પૂર્ણ થાય છે તે આશીર્વાદિત અને આનંદિત બાબતને માટે પ્રભુની સ્તુતિ કરવી એ ખરેખર સારું છે. ૫૦ વર્ષ દરમિયાન આ જગ્યાએ ઘણા બધાએ પ્રભુની આશીષનો અનુભવ કર્યો, પોતાના જીવનો પ્રભુને અર્પણ કર્યા, પ્રભુ તરફથી મળતી માફી, શાંતિ અને ભરપૂર જીવનનો અનુભવ કર્યો. આ જગ્યાએ કરેલી પ્રાર્થનાઓ પ્રભુએ સાંભળી તથા આત્મિક અને શારીરિક રીતે સાજાપણું આપ્યું. ઘણા દુઃખદ અને અસહ્ય વેદના તથા આઘાતના સમયમાં પ્રભુએ ઘવાયેલા હૃદયો-મનોને રુઝવ્યા અને શાંતવન આપ્યા.

આ સાથે ૫૦ વર્ષ દરમિયાન પ્રભુએ સમૃદ્ધિનો આશીર્વાદ પણ આપ્યો છે. આ સમય દરમિયાન આ જગ્યાએ પ્રભુની સંગતમાં રહેનાર સર્વ આશીર્વાદિત થયા છે. પ્રભુની સંગતમાં રહીને પ્રભુનું સામર્થ્ય અને પોષણ મેળવ્યું છે. ઘણા બધા વ્હાલાઓ આ રીતે ખૂબ આશીર્વાદિત થઈ દેશ-પરદેશમાં વસેલા છે.

આ સાથે ૫૦ વર્ષ દરમિયાન જે તે પરિસ્થિતિમાં પસાર થયા તેમાં પ્રભુએ ઊંચકી રાખ્યા. તેમની હથેળીમાં રાખ્યા, બોજને ઊંચકનાર બન્યા. ગીતશાસ્ત્ર ૬૮:૧૯ પ્રમાણે રોજના બોજને પ્રભુ ઊંચકનાર બન્યા છે.

વ્હાલાઓ પ્રભુની સેવા અને વિશ્વાસમાં પાછા પડવાનું એટલે કે પાછા વળીને જોવાનું નથી પરંતુ પ્રભુ તેમના વચનો પ્રમાણે આપણને આશીર્વાદ આપે છે. એટલા માટે ૫૦ વર્ષ દરમિયાન પ્રભુએ જે જે આશીર્વાદ આપ્યો તે સર્વ જોવા માટે પાછા વળીને જોવાનું છે અને પ્રભુનો આભાર માનવાનો છે. પ્રભુની સ્તુતિ કરવાની છે.

વ્હાલાઓ મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર ચર્ચ બિલ્ડીંગ ૫૦ વર્ષ પૂર્ણ કરે છે ત્યારે પ્રભુનો આભાર માનીએ અને સ્તુતિ કરીએ તેમને ધન્યવાદ આપીએ. કેમ કે ગીતશાસ્ત્ર ૧૩૫:૩ પ્રમાણે યહોવાની સ્તુતિ કરવી એ આનંદદાયક છે અને ગી.શા. ૯૨:૧ પ્રમાણે તે સારું છે.

### BIRTHDATE IN AUGUST

| | | | |
|---|---|---|---|
| ૧/૮ | શૉન રાજેશ ક્રિશ્ચિયન (U.S.A.) | ૨૦/૮ | આશ્કા નિલેશભાઈ રાઠોડ |
| ૧/૮ | એલિશા અશ્વિનભાઈ પરીખ | ૨૨/૮ | એનેશા ડિક્સન હેરી |
| ૩/૮ | રોમી અરવિંદભાઈ ક્રિશ્ચિયન | ૨૩/૮ | સ્ટેલા એમ. પરમાર |
| ૪/૮ | એશેલ એ. ક્રિશ્ચિયન | ૨૪/૮ | આર્નોન એસ. પેલમોર |
| ૭/૮ | થોમસ વિક્ટરભાઈ મેકવાન | ૨૪/૮ | શનાયા નિરવ મહીડા |
| ૮/૮ | લલીતાબહેન શંકરભાઈ ખ્રિસ્તી | ૨૫/૮ | પ્રાર્થના આશિષ કાપડીયા |
| ૧૩/૮ | જેનેટ પી. ક્રિશ્ચિયન | ૨૭/૮ | જીલ માયુસ રાઠોડ |
| ૧૯/૮ | સુરેખા અનિલકુમાર ક્રિશ્ચિયન | ૨૯/૮ | ડોરીન નિલેશભાઈ ક્રિશ્ચિયન |

### નાણાંકીય અહેવાલ જૂન -૨૦૨૨

| | | |
|---|---|---|
| તા. ૦૧-૬-૨૨ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૧,૧૦,૯૩૯-૮૮ |
| | બેંકમાં | ૩,૫૦,૭૮૮-૧૪ |
| જૂન ૨૦૨૨ ની | આવક | ૧,૬૦,૯૮૮.૦૦ |
| | કુલ | ૬,૨૨,૭૧૬-૦૨ |
| તા.૩૦-૬-૨૨ની બંધ સિલક | | |
| | રોકડ | ૧,૧૨,૦૯૧-૮૮ |
| | બેંક | ૨,૮૫,૬૫૫-૧૪ |
| જૂન ૨૨ ની | જાવક | ૨,૨૪,૯૬૯-૦૦ |
| | કુલ | ૬,૨૨,૭૧૬-૦૨ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર

## ગત માસના કાર્ય તરફ દષ્ટિપાત

- તા.૩-૭-૨૨ રવિવારની ભજનસેવામાં 'ભારતીય ખ્રિસ્તી દિવસ' તરીકેની ઉજવણી કરી. ભારતમાં પ્રથમ સુવાર્તા આપનાર 'સંત થોમા'ના જીવન સંબંધી સંદેશ આપવામાં આવ્યો.
  કુ. શેરોન એ. ક્રિશ્ચિયન કેનેડા જતા હોવાથી ચર્ચ તરફથી બુકે આપી પ્રાર્થના સહ શુભેચ્છા આપવામાં આવી.
- તા. ૫-૭-૨૨ મેથોડિસ્ટ બાઈબલ સેમિનરી વાસદમાં ગ્રેજ્યુએશન કાર્યક્રમમાં હાજરી આપી.
- તા. ૮-૭-૨૨ નડિયાદમાં ડૉ. કંપાઉન્ડમાં ઝેન ઈંગ્લીશ મિડીયમ સ્કૂલના ઉદ્‌ઘાટનમાં હાજરી આપી.
- તા. ૧૦-૭-૨૨ રવિવારની ભજનસેવા ચલાવી. ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટી મળી.
- તા. ૧૭-૭-૨૨ રવિવારની ભજનસેવા ચલાવી. ભજનસેવામાં ચર્ચનો વાર્ષિક અહેવાલ પ્રાર્થના સાથે સર્વના હાથમાં આપવામાં આવ્યો.
- તા. ૧૯-૭-૨૨ ડિ.સુ. રેવ. વિજય મેકવાન સાહેબના જન્મ દિવસે પાળકો તરીકે તેમના ઘરે પ્રાર્થના અને શુભેચ્છા માટે મળ્યા. રેવ. બિપિન મેકવાન સાહેબે વચનની સેવા આપી.
- તા. ૨૪-૭-૨૨ રવિવારની ભજનસેવા ચલાવી. ભજનસેવા બાદ ગુજરાત રીજીનલ મહિલા મંડળના કાર્યક્રમ પ્રમાણે સ્થાનિક મહિલા મંડળના બહેનો બાઈબલ વાંચન માટે મળ્યા.
  ભજનસેવા છુટ્યાબાદ કુ. શાલીન એસ. ગામડિયાને નવી નોકરી મળવાથી સર્વ માટે સુંદર ચ્હા-નાસ્તાની વ્યવસ્થા તેઓ તરફથી કરવામાં આવી હતી. આભાર સાથે અભિનંદન. આ દિવસે સિયોન મેથોડિસ્ટ ચર્ચ, સાબરમતીમાં રાખેલ એમ.વાય.એફ. સેમિનારમાં હાજરી આપી. રવિવારની ભજનસેવા ચલાવી. ભજનસેવા બાદ સ્થાનિક સન્ડે સ્કૂલના સુપ્રિન્ટેન્ડેન્ટ અને શિક્ષકો સુવર્ણ મહોત્સવના આયોજન માટે મળ્યા હતા તેઓ માટે પ્રાર્થના કરાવી.
- તા.૩૦-૭-૨૨ કોન્ફરન્સ ટ્રેઝરર અને અમદાવાદ ડિસ્ટ્રીક્ટ ઈસ્ટના ડિ.સુ. તથા અમદાવાદ ડીસ્ટ્રીક્ટ વેસ્ટના ઈન્ચાર્જ ડિ.સુ. રેવ. ડૉ. યાકુબ મેકવાન સાહેબના જન્મ દિવસ પ્રસંગે ડિસ્ટ્રીટના પાળકોએ પ્રાર્થના-શુભેચ્છા માટે મુલાકાત લીધી. રેવ. અરવિંદ ખ્રિસ્તીએ ટૂંકુ મનન કરાવ્યું.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી રાજ એસ. શાહ | એ.ફંડ. | ૧૦૦૦ |
| ૨. | શ્રી રશ્મિકાંત પી. મહિડા | આ.સ્તુ. | ૧૫૦૦ |
| ૩. | સ્વ. આનંદભાઈ એ. ક્રિશ્ચિયનના સ્મરણાર્થે | બર્થડે | ૨૦૦ |
| ૪. | એરોન એન્થની ઈમાનુએલ | બર્થડે | ૫૦૦ |
| ૫. | કુ. સિપ્રાહ એ. પેલમોર | બર્થડે | ૫૦૦ |
| ૬. | કુ. શેરોન એ. ક્રિશ્ચિયન<br>કેનેડા જવાની તક પ્રભુએ આપી. અભિનંદન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૭. | કુ. વેલેન્સીયા એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૮. | કુ. રીયોના ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| ૯. | શ્રીમતી રીટાબેન ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| ૧૦. | શ્રીમતી કેરોલીનબેન એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૧. | શ્રીમતી મહિમા એ. પેટ્રીક | બર્થડે | ૫૦૦ |
| ૧૨. | શ્રીમતી પ્રતિભાબેન આર. મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૧૩. | શ્રી કૃણાલ આર. મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૧૪. | શ્રી ફેનીલ એ. મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૧૫. | શ્રી ઈયાન એ. મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૧૬. | શ્રી ચિરાગ એસ. ચૌહાણ | બર્થડે | ૨૦૦૦ |
| ૧૭. | શ્રી ચિરાગ એસ. ચૌહાણ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૮. | શ્રી ચિરાગ એસ. ચૌહાણ | એ.ફંડ | ૨૦૦૦ |
| ૧૯. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦૦ |
| ૨૦. | શ્રીમતી ઉષાબેન એમ. રાઠોડ | બર્થડે | ૨૦૦ |
| ૨૧. | શ્રી જેક એમ. રાઠોડ | આ.સ્તુ. | ૨૦૦ |
| ૨૨. | કુ. રીયોના પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨૩. | શ્રીમતી મંદાકીનીબેન એલ. પેલમોર | બર્થડે | ૫૦૦ |
| ૨૪. | શ્રીમતી સિલ્વીયાબેન એન. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨૫. | શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહિલ | બર્થડે | ૨૫૦ |
| ૨૬. | કુ. ક્રિસ્ટીના એફ. ગોહિલ<br>ધો.૧૨માં ૭૯% થી પાસ થવાથી અભિનંદન | આ.સ્તુ. | ૨૦૦ |
| ૨૭. | શ્રીમતી જોસ્ફીનબેન કે. વાઘેલા | આ.સ્તુ. | ૨૦૦ |
| ૨૮. | શ્રી રિચાર્ડ એસ. હિવાળે | બર્થડે | ૫૦૦ |
| ૨૯. | કુ. સેલ્વીઆ આર. હિવાળે | બર્થડે | ૫૦૦ |
| ૩૦. | શ્રીમતી માગ્રેટબેન એસ. ઈમાનુએલ | બર્થડે | ૫૦૦ |
| ૩૧. | શ્રી શેન પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૩૨. | શ્રી શેરીલ આર. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |

## સુવર્ણ મહોત્સવના ભાગરૂપે પ્રાર્થના જૂથ

આ સમય દરમ્યાન ચર્ચના ૫૦ વર્ષ પૂર્ણ થતા હોવાથી ૫૦ વ્યક્તિ રોજ પોતાના ઘરે અંગત રીતે એક મિનિટ અથવા આપને અનુકૂળ આવે તેટલો સમય પ્રાર્થના કરે માટે જે પ્રાર્થના કરવા માગે છે તેઓ પોતાનું નામ પાળકને લખાવશો. જેઓએ નામ લખાવ્યા છે તે સિવાય નામ લખાવશો.

## અભિનંદન

- તા. ૧૩-૮-૨૨ના રોજ મેથોડિસ્ટ ચર્ચ શાહપુરનું ચર્ચ બિલ્ડીંગ ૫૦ વર્ષ પૂર્ણ કરે છે તે પ્રસંગે સર્વ સભ્યગણને ખૂબ ખૂબ અભિનંદન.
- તા. ૧-૪-૨૩ના રોજ સ્થાનિક ચર્ચ શૅરૂઆત કર્યાના ૫૦ વર્ષ પૂર્ણ થાય છે.
- તા. ૧૩-૮-૨૨ થી ૧-૪-૨૩ દરમિયાનનો સમય સુવર્ણ મહોત્સવ ઉજવવા નક્કી કરેલ છે. તેથી આ સમય દરમિયાન સર્વ કાર્યક્રમમાં સહકાર આપશો.

## જાહેરાતો

- દર રવિવારે સવારે ૯-૦૦ કલાકે ભજનસેવામાં અને શુક્રવારે સાંજે ૮-૦૦ કલાકે પ્રાર્થના સંગતમાં હાજરી આપો.
- દર રવિવારે ભજનસેવા બાદ બાળકોએ સન્ડેસ્કૂલમાં બેસવું.
- દર ત્રીજા રવિવારે ભજનસેવા બાદ બહેનોએ મહિલા મંડળની સંગતમાં હાજરી આપવી.